# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૮૨૫૧

**સલામી સવારની..**

ઝરદારી ફરી મૈત્રીનાં પોલાં ઢોલ વગાડી ગયા!
ને અનેક અપરાધો પર ચાદર ઓઢાડી ગયા!
જગાડી ગયા નવી આશા બિલાવલ-રાહુલ મૈત્રીની,
અંગત યાત્રાને સરકારી લેબલ લગાડી ગયા!

**હાઇકુ**

કરી ગયા યાત્રા,
ઝરદારી-બાબાને
ચાલીસ સાથી..
(એરબીયન નાઇટસ)

'નકારાત્મક!'
સદ્ભાવનામાં પણ
નંબર વન!
(શું 'ટાઇમ' આવ્યો છે!)

## ચિંતન

**ન જ્ઞાતું નાપ્યનુ જ્ઞાતું ને ક્ષિતું ના પ્યુપે ક્ષિતુમ્ ।**
**સ્વજનઃ સ્વજનો જાતું વિપત્પાતં સમીહતે ॥**

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક 'સાચા સ્વજન' ના સ્વભાવના લક્ષણ દર્શાવે છે :-

સ્વજન એને કહેવાય જે પોતાના પરિવારિક બંધુઓ, સ્નેહીજન કુટુંબીજન - ઉપર આવી પડેલી આપત્તિને સાંભળી શકતો નથી અર્થાત તેનાથી એની પીડા સહન કરી શકાતી નથી...

વળી કેટલાક કુટુંબી સ્વજન એવા હોય છે કે આવી આપત્તિ આવી પડે ત્યારે સાંભળી તો લે પણ પછી માત્ર હૈયા ધારણ આપી, હવે શું થાય - મુશ્કેલી સહન કરે જ છૂટકો, સુખ-દુઃખે, હસતાં રડતાં સહન કરવું જ પડશે વગેરે કહી, સાચો સ્વજન છટકી જશે નહીં પણ સાચો સાથ આપી સ્વજનને સધિયારો આપી સાથે રહેશે.

વળી સાચો સ્વજન - પોતાની સ્નેહી-મિત્ર પરિવારજનની વિપત્તિ જોઇ પણ શકતો નથી, સાંભળી પણ શકતો નથી અને એવી પરિસ્થિતિમાં તેની ઉપેક્ષા પણ કરી શકતો નથી; પણ પોતાનાથી શક્ય એવા તમામ પ્રયાસ કરી સાચો સ્વજન બની સાથ આપે છે.

## સુવિચાર

- ઇશ્વર એવો ક્ષમાવાન છે કે આપણને પશ્ચાતાપની પણ તક આપે છે - ગાંધીજી
- ક્ષમા આપવી એ વેર લેવાનો સરળ અને સાચો કે સારો માર્ગ છે - એચ.જી.બોન
- ક્ષમા એ મોક્ષનું ભવ્ય પ્રવેશદ્વાર છે - શ્રીમદ્ રાજચંદ્ર
- દયા અને ક્ષમા એ માનવજીવન - ધર્મનો અર્ક છે - અષો જરથુષ્ટ્ર
- અહિંસા એ જૈન ધર્મનો પાયો છે અને ક્ષમા એ જૈન મંદિરનું સુવર્ણ શિખર છે - મનહર ચોકસી
- બીજાને ભલે અનેકવાર ક્ષમા આપો પણ પોતાની જાતને કદી માફ કરશો નહીં- સાયરસ
- વેર લીધાનો આનંદ થોડીક ક્ષણ ટકશે પણ ક્ષમા આપવાનો આનંદ સદાકાળ રહેશે - તિરૂવલ્લુર

## બોધકથા

આપણને મળેલું સુખ માણવાની દૃષ્ટિ નથી તેથી સુખ-શાંતિ હોવા છતાં, એમાં સંતોષ અને આનંદ માણી, ભોગવી નથી શકતા ઉલ્ટું એ દુઃખની બીજાની સાથે સરખામણી કરી વધારે દુઃખી થઇએ છીએ. જે મળ્યું છે એમાં સંતોષ રાખી એમાં જ સુખની સુગંધ માણવી જોઇએ..

એક બગીચાનો રખેવાડ પોતાના સાત જણાના પરિવાર સાથે બગીચામાં જ ઝૂંપડી બનાવી રહેતો હતો. બગીચાના ફૂલ ગુલાબ-મોગરા-ચમેલીથી એનું નાક ટેવાઇ ગ્યું હતું ઉલ્ટું કયારેક તો એ એવું માનતા કે એ 'ગંધ'થી જ એનું માથું દુઃખે છે બોલો! અને ઝૂંપડી પણ પોતાના પરિવાર છતાં તેને સાંકળી લાગતી હતી, કારણ કે આસપાસ વિશાળ બંગલા હતા. એ બાગમાં એક સંત આવ્યા એની પાસે આ માળીએ પોતાની બંને ફરિયાદ કરી (ગંધ અને સંકળાશ)..

સંતે કહ્યું, મારી પાસે ઇલાજ છે પણ તને થોડી વધારે તકલીફ સહન કરવી પડશે, તૈયારી છે? માળીએ હા પાડી. સંત કહે, મારી પાસે એક બોકળો છે, મોટા ને ખડતલ છે તેને પણ સાત દિવસ સુધી તારા પરિવાર સાથે ઝૂંપડીમાં રાખ!

માળીએ બોકળો બાંધ્યો. એક તો સાત જણનો પરિવાર ને બોકળાના શરીરની અને મળમૂત્રની ગંધ-ત્રાસ થઇ ગયો. ઉંઘ ન આવે... માંડ સાત દિ' કાઢ્યા. બોકળો પાછો આપી આવ્યો. સંત કહે, ઝૂંપડી સાફ કરી નાખ... પછી ત્રણ દિવસે મને આવી મળ.

ત્રીજે દિવસે માળી આવ્યા હવે એને બાગના ફૂલોની સુગંધ અને પરિવારનો પ્રેમ આનંદદાયક લાગતો હતો.

સંતે હવે તેને પૂછ્યું : હવે તને ઝૂંપડીમાં કંઇ તકલીફ છે? માળી સ્મિત સાથે સંતને વંદન કરી જતો રહ્યો.

# દૂધના ભાવ નિયંત્રિત કરવા જોઇએ

**તંત્રી સ્થાનેથી...**

આજથી અમૂલના દૂધમાં ભાવ વધારો થાય છે. અમૂલના પગલે રાજયની અન્ય ડેરીઓ પણ એકાદ બે દિવસમાં ભાવ વધારો જાહેર કરશે. છેલ્લા ૬ વર્ષમાં ૧૪મી વાર દૂધમાં ભાવ વધારો થઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૦૯ અને ૨૦૧૦ માં ૩ - ૩ વખત ભાવ વધારો થયો. જયારે જુલાઈ ૨૦૧૧માં છેલ્લો ભાવ વધારો ર રૂપિયાનો કરાયો હતો. માત્ર ૪ - ૪ વર્ષમાં ૭ વખત દૂધના ભાવ વધ્યા છે. અને આજથી વધુ ર રૂપિયાનો ભાવ વધારો મધ્યમ વર્ગ ઉપર લદાઈ રહ્યો છે. મધ્યમવર્ગનું બજેટ કયાં પહોંચશે? મધ્યમવર્ગ મોંઘવારીના ચક્કરમાં વધુને વધુ ભીંસાઈ રહ્યો છે. પેટ્રોલમાં ભાવવધારો, ગેસમાં ભાવવધારો, સ્કૂલ ફીમાં ભાવ વધારો, શાકભાજીમાં ભાવ વધારો અને બાકી હતુ તો દૂધમાં પણ ભાવવધારો. મોંઘવારીના વિષચક્રને કેન્દ્રની સરકાર કે રાજયની સરકાર અટકાવી શકતી નથી. બંને પક્ષો એકબીજા પર દોષારોપણ કરી જવાબદારીમાંથી છટકે છે. પરંતુ મધ્યમવર્ગનો સામાન્ય નાગરિક જવાબદારીઓના બોજા નીચે દબાઈ રહ્યો છે.

દૂધના ભાવ વધારા અંગે દૂધ ઉત્પાદક સંઘો પોતપોતાની રીતે સ્પષ્ટતાઓ કરે જ છે અને કરશે. પરંતુ આ બોજ વપરાશકારના માથે આવે છે તે હકીકત છે. આપણી સમગ્ર અર્થવ્યવસ્થામાં સૌથી વધુ અસરગ્રસ્ત ગ્રાહક છે. સરકાર વેરા લાદે તો ઉત્પાદકો ભાવ વધારી દે. અને બોજો ગ્રાહક પર જાય. કાચા માલમાં ભાવ વધારો થાય, ઉત્પાદકો ભાવ વધારે, ગ્રાહક વધુ ભાર વહન કરે. કામદારોનાં પગાર વધે, ઉત્પાદકો ભાવ વધારે, અસર સીધી ગ્રાહક પર જાય. આમ કયાંક પણ કશો પણ ભાવવધારો થાય તો તેની સીધી અસર ગ્રાહક પર જાય છે. કયાંય નફામાં કાપ નથી પડતો, કયાંય વચેટીયાની દલાલીમાં કાપ નથી પડતો, કયાંય સરકારના બજેટના વેરામાં કાપ નથી આવતો, માત્ર સામાન્ય માણસ ભાવ વધારાનો ભોગ બને છે. દૂધ આવશ્યક ચીજવસ્તુ છે. પ્રત્યેક પરિવારને જોઈએ... જોઈએ... અને જોઈએ જ. આમ સરકારો આરોગ્ય માટે કરોડો રૂપિયાની બજેટમાં ફાળવણી કરે છે. આરોગ્ય કેન્દ્ર માટે કરોડો રૂપિયા ફળવાય છે. એના પ્રચાર પ્રસાર માટે પણ કરોડો રૂપિયા ફળવાય છે. તો આ આરોગ્યના જતન માટે, જેમાંથી પૌષ્ટિક તત્ત્વ શરીરને મળે છે, અને વિજ્ઞાને સ્વીકાર્યું છે કે દૂધ એ સંપૂર્ણ આહાર છે ત્યારે દૂધના ભાવમાં સબસીડી આપીને પણ ભાવ નિયંત્રિત કરવા જોઈએ. સામાન્ય અને ગરીબ વર્ગને પોષાય એવા ભાવથી દૂધ મળે તો આરોગ્યના જતન માટે ખર્ચાતા કરોડો રૂપિયા બચાવી શકાય.

# એ ઈશ્વર! તું પીડા પણ ઇન્સ્ટોલમેન્ટમાં આપે છે...

## વિચાર યાત્રા

- જય ઓઝા

લંબાઈ, જાડાઈ, ગોળાઈ પ્હોળાઈ- કબૂલ, ખરબચડાશ ફિક્કાશ- કબૂલ
પ્રકાશ અને અંધારું કબૂલ.
પોલાણ- છોલાણ, તીખાશ- પોચાશ અભાવ કે સ્વભાવ- કબૂલ
તેં માથામાં માર્યું તે બધું જ ... કબૂલ
કબૂલ શું નથી કર્યું?
તારી ઉદારતાના ડોળને નભાવ્યો...
તારા નિયંતાવેડાને હા જી હા કરી
તે ઈચ્છયો તેવો પીડાગ્રસ્તતાનો મેં દેખાવ કર્યો.
ને તું મારી તિતિક્ષાની સીમા વટોળી ગયો...
તો સાંભળ - હવે હું ચૂપ નહિ રહું - ગાળગલોચ કરીશ...
તુ પીડા જેવી પીડા પણ જોખીને આપે છે...
ધીમુ ઝેર... ધીમુ ઝેર? મને? હું નહીં મરું,
પીડાનો ટુકડો ફેંકી તું મને છેતરી નહીં શકે..
બદમાશ... હું મારો હક્ક માગું છું હક્ક.
લાવ, મારી જલદ અને ભરચક પીડા... લાવ મારી અસંખ્ય અને અખૂટ પીડા
હવે ઈશ્વરત્વ સમાંતરની પીડા સિવાય હું રીઝું તેમ નથી...
લાવ, મારી અનંત પીડા- મને આપી દે...

- રમેશ પારેખ

પૃથ્વીની ઉત્પત્તિના વૈજ્ઞાનિક દાવાઓને નકારી કાઢીને, મનુષ્ય પ્રજોત્પત્તિની જૈવિક વૈજ્ઞાનિક કરીને અવગણીને આ સમગ્ર દુનિયામાં ઈશ્વરની સર્વોપરિતાને માથે ચડાવીને ભગવાનને ઉચ્ચ કોટિમાં મૂકી દઈને આપણે માત્ર તેના ચલાવ્યા જ ચાલે રાખીએ છીએ. આપણી દરેક વ્યાધિમાં ઈશ્વરેચ્છા સ્વીકારીને સહ્યે રાખીએ છીએ.

'વહાં દેર હે અંધેર નહીં'નો રાગ આલાપતા આલાપતા માત્ર તેના જ ગુણાગાન ગાયે રાખીએ છીએ...

કેટલાય શારીરિક, માનસિક, આર્થિક કષ્ટો વેઠતા વેઠતા- ઈશ્વરની દાહ્યલી માનતાઓ પૂરી કરવામાં ઈશ્વરની સર્વોપરિતા માનવામાં અને મનાવવામાં જ જીવન વેંઢારતા રહીએ છીએ.

અને ઈશ્વર પણ આપણી મજાક ઉડાવતો હોય તેમ, આપણને બિચારા- બાપડા પરિસ્થિતિઓના દાસ બનાવી રાખવાની વિકૃત મજા લેતો હોય તેવું લાગે છે... કદાચ એ એવું સમજતો હોય કે પોતાની માર્કેટ વેલ્યુ ટકાવી રાખવા માટે તેની માટે મગતરા સમાન માણસોને દુઃખ અને પીડાની એક અવી શ્રૃંખલા સાથે બાંધી દેવો કે - HE HAS NO CHOICE આપણી પાસે તેને શરણે જવા સિવાય કોઈ ચારો જ નથી રહેતો...

મનુષ્ય માત્રના જીવનમાં સમયે સમયે એવા કારમા ઘા ફટકારતો રહે છે કે એક જગાએ જખમને રૂઝ આવે ન આવે ત્યાં બીજો તાજો જખ્મને ઊભો જ હોય. કોલુના બેલની જેમ આપણે આ જિંદગીની દડમજલમાંથી ઊંચા જ ન આવીએ એવો ખતરનાક મનસૂબો ઉપરવાળાના દિમાગમાં ચાલતો રહે છે..

ઈશ્વરલાલ પણ પીડા, જખ્મ પણ એક ઝાટકે આપીને આપણું એકાઉન્ટ સેટલ નથી કરતો.. પરંતુ, મુદ્દલ પરના વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ ચડાવતા રહેતા હરામખોર - વ્યાજખોર, લુચ્ચા શાહુકારની જેમ ઘા પર મીઠું ભભરાવીને ટીંચર રેડીને આપણા સીસકારાની મજા માણતો રહે છે...

એક ઘા ને બે કટકા જેવો ખેલ એ તો હમણાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય... અને માટે જ લાગે છે કે, લોકપાલ બિલની જરૂર ઉપર પણ ખૂબ જ છે... માર્ચ એન્ડિંગમાં આંકડાઓ સરભર કરવા માટે યમરાજના ઈશારે ક્યાંક સુનામીમાં લાખો જીવો ઓહીયા કરી જનારો ઈશ્વર ઓડકાર પણ નથી ખાતો.. ક્યાંક બૉમ્બ બ્લાસ્ટ, ક્યાંક ભૂકંપ, ક્યાંક સુનામી.. ગમખ્વાર અકસ્માતોની હારમાળાઓ સર્જીને ઈશ્વરના નામની એવી દહેશત ફેલાવી છે કે, શનિવાર, સોમવાર, ગુરુવાર ભક્તોનું મંદિરમાં બમ્પર ઓપનિંગ મળી રહે છે..

ભગવાન તો બધાનો છે - વાળી વાત પણ મન મનાવવા જેવી જ છે. દેશના ધનાઢ્ય મંદિરોમાં પૈસા આપીને ભગવાનના દર્શન કરવાની બોલી લાગે છે. આ વાત વળી, કોક ભગત મહારાજ બોલશે કે 'આ તો બધી માનવીએ ઊભી કરેલી માયા છે.' - તો એમને જણાવવાનું કે મનુષ્યને બનાવનાર તો ઈશ્વર જ છે ને! ઈશ્વર સર્વત્ર વ્યાપ્ત હોય તો મનુષ્યના દિલ - દિમાગ પર પણ એમનો જ અખ્રિયાર છે...!

ભૂખમરાથી- અકસ્માતોમાં, બૉમ્બ બ્લાસ્ટમાં આંતકવાદી હુમલાઓમાં જે મરી રહ્યા છે. તેમાં મારા તમારા જેવા સામાન્ય વ્યકિતઓ વધુ અને વીઆઈપી શેઠિયા ઓછા હોય છે. સરેરાશ પ્રમાણ ૭૦ ટકા અને ૩૦ ટકા જેટલું છે. અને ઘરમાંથી એક વ્યકિત બ્લાસ્ટમાં માર્યો જાય એટલે તેની પાછળ આખો પરિવાર અધમૂઓ થઈ જાય છે. એકમાત્ર કમાઉ દીકરો કે બાપ ચાલ્યો જવાથી પાછળ આખો પરિવાર મરવાના વાંકે દિવસો ગુજારે છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

# શબ્દ સેતુ

સંપાદક : ભાનુપ્રસાદ પુરાણી

## અરસપરસ

મિત્રો!

મૂઇ માનવજાત. સ્વભાવે ભૂલકણી બહુ! ઝાઝાં વર્ષો તો વીત્યા નથી...ને વીતે તોય એવી ઘટના ઓછી ભૂલી ભૂલાય? ત્રણ-ચાર વર્ષની માસૂમ રૂચિ. રીક્ષામાં ભણવા જાય, નરાધમ રીક્ષાવાળો એને ઉઠાવી જાય, નગર આખું ધ્રૂજી ઊઠે, પ્રાર્થનાઓ અને શ્રધ્ધા માટે જનજાગરણ થાય, ચોરે-ચૌટે એક જ વાત રૂચિ ગામની દીકરી છે. ગામ આખાની એ શરમ છે. ને રાક્ષસને હૈયે રામ વસતા રૂચિ સલામત પાછી વળે. ગામ આખાનું હૈયું હિલોળે ચડે. ગામની આબરૂ સચવાઇ ગયાનો સંતોષ સૌને હૈયે થાય ઓ રૂચિ... ઇતિહાસની વાત બની જાય. સંવેદના કે લાગણીનાં ઉભરા આવતા હોય છે. એમ એક ઉભરો આવ્યો શમી ગયો. લોકો રૂચિને અને એ ઘટનાને ભૂલી યે ગયા.

...પણ માણસ જાત!! મારા વડિલ મિત્ર મને સમજાવે છે, ભાનુભાઇ! કશું જ બદલાયું નથી, માણસ એનો એ જ છે. સમય બદલાય છે, યુગ બદલાય છે, સત્યુગ કહો કે દ્વાપરયુગ કે કલિયુગ. માણસ એનો એ જ છે, માણસ એ માણસ છે એ નથી બદલાયો કે નથી કયારેય બદલાવાનો, કહો? કૃષ્ણનો જન્મ કયાં થયેલો? કેમ? કૃષ્ણનો ઉછેર કયાં થયો? શા માટે? કૃષ્ણને પારધીએ બાણ કેમ મારવું પડ્યું? યાદવો માંહોમાંહી લડતા-મરતા જોઇને કૃષ્ણને દુઃખ કેમ થયું? દ્રોણાચાર્ય પૂજ્ય ગુરૂજન હોવા છતાં એકલવ્યને અન્યાય કેમ કરે? કર્ણ સૂર્યપુત્ર કે દાસીપુત્ર? દ્રૌપદીનાં ચિર ભરસભામાં સગાં સંબંધીઓની હાજરીમાં જ કેમ ખેંચાય?

આ અને આવા અનેક પ્રશ્નોના ઉત્તર હું આપી શકું એમ છું હું નિરૂત્તર રહું છું મને એ વડિલનું કથન સો ટચનું લાગે છે. "માણસ એ માણસ છે એ કયારેય બદલાયો નથી કે નથી એ બદલાવાનો!" 'ચાલો રૂચિબહેન બચી ગયાં, આંબે આવ્યો મ્હોર - ને વાત કરીશું પ્હોર!! પછી આવી વિશ્વાની વાત, એ પણ એક દીકરી, હજુ તાજો ઘા વાંચીએ ને હૈયે ઉકાળો થાય. આ આપણો સમાજ છે. પહેલાં બાળકી જન્મે પછી કથરોટમાં, ઉકળતા દૂધમાં ડૂબાડી એને મૃત કરતી... આજે...? ...ગર્ભાવિસ્થામાં જ ભ્રૃણહત્ય કરવામાં આવે છે. એનો 'મા' કહેવાનો છેદ ઉડાડાય છે. કયાં છે માણસ? આઝાદીની લડતમાં શહીદ થનાર ભગતસિંહ કે રાજગુરુ - અને સુખદેવને ફાંસીનો ફંદો પહેરાવનાર કોઇ અંગ્રેજ હતો? પેટને માટે કે આગવા સ્વાર્થમાં સગી દીકરી પર સવાર થનાર હલકટ માણસ જાત, અહીં તો 'મુની' બદનામ હુઇ જેવા સમાચાર પણ ચમકે છે.

(ગુજ.સમાચાર, તા. ૮-૪-૧૨, રવિવાર)

હવે મૂળ વાત પર આવું પણ 'માણસ?' માણસ નજરમાંથી ખસતો જ નથી. ભૂખને નામે-ગરીબીના નામે ધર્મને નામે કે શ્રદ્ધા - અંધશ્રધ્ધાને નામે માણસ માણસ પર કેટકેટલા પ્રહારો કર્યા છે? ઝેરીમાં ઝેરી જાનવર તો છતાય તો કરડે પણ માણસ? કથા ય કારણ વગર ખૂન કરે કે નજીવા મામલે લડાઇ ઝઘડા! હા, આ માણસ છે ભાઇ!

ઉપાડ કે ઉઘાડ રૂચિ નામની દીકરીથી કર્યો હતો એ જ આપણા નગરની વાત. ગાંધીનગર, ગાંધી વિનાનું આ નગર ને એની જ વાત, છાપુ કહે છે ગાંધીનગર જિલ્લામાંથી માત્ર ત્રણ મહિનામાં ૨૮ બાળકો ગુમ થયા. રાજયમાં એક વર્ષમાં ૨૩૬ દીકરીઓ - નાની દેવની દીધેલ બાળકોની હજુ સુધી કોઇ ભાળ નથી. વાહ રે! સલામત ગુજરાત!! વર્ષ ૨૦૧૦ - ૨૦૧૧ માં ગુમ થયેલ ૧૧૭ બાળકોમાંથી હજુ યે ૨૧ બાળકો પરત મળી આવ્યા નથી. પાંચ વર્ષમાં પાંચ હજાર બાળકો ગુમ થાય છે. એમ વર્ષનાં દરેક દિવસે એક બાળક ગુમ થાય છે. કાં તો એની લાશ મળે છે કાં કોઇ બાળ મળતી નથી આપણે ૨૧મી સદીના સમજદાર માણસો એને જલદી ભૂલી પણ જઇએ છીએ!

આ બધા વચ્ચે ઉત્સવો અને ઉજવણીઓનાં નગારાં પીટાતાં જ રહે છે. ભીડ ભેગી કરાતી રહે છે. રણમાં બનાવટી ગાંડા બાવળ ઉગતા રહે છે. નવરાત્રી ઉત્સવ પછી પ્રસુતિગૃહો ધમધમતાં રહે છે. ખૂશ્બુ ગુજરાત કી - ના નામે ધરાયેલ જણ વધારે ધરાયેલો જાય છે. પતંગોત્સવના નામે કોઇકનાં પતંગ ઊંચે ચઢે છે, થોડું ચગેય છે ને ચિર દોરીએ કપાય પણ જાય છે! આ આપણુંમાણસ કારણ છે જે રાજકારણ સાથે ચુસ્ત જડાયેલું છે. કઠપુતળિયો નાચ્યા કરે છે પછી એ રાજા હોય કે હોય રંક - વેપારી કે મજૂર દોરી એક જણ પાસે રહે છે એ નચાવે એમ નાચવું પડે છે.

મુનશીએ સાચું લખ્યું છે. 'ઇન્દ્ર ખોટો નથી ઇન્દ્રાસન ખોટું છે.' ભલભલા ભોંય ભેગા થઇ ગયા છે, થતાં રહે છે. કો'ક 'મારો શો વાંક?' કહી જ્ઞાતિ-મંડળોમાં પોતાની વ્યથા ઓસરી રહ્યા છે. તો કોઇ નડિયાદી સાંસદ પોતાનો જૂનો દાકતરી ધંધો સંભાળી મૌન પાળી રહ્યા છે! અરે, એક જમાનામાં જેમની ધાક કે હાક પડતી એવાં પોલીસ અફસર બિરાચા જશરેખા નબળી પડતી હોવાથી હાંસિયોમાં ધકેલાઇ જાય છે. સમગ્ર ભારતમાંની સંસદમાં જયારે એક ભાજપી સાંસદ હોવાનું ગૌરવ લેતા એક માત્ર મહેસાણાના ધરતીપુત્ર આજે કયાં છે? કોઇ જાણે ના કયાં છે સુરતી મંત્રીવર્ય? કયાં ભા.જ.પ.નાં પૂર્વ શિક્ષણ મંત્રી? રાજયગૃહમંત્રી કયાં છે?

હજુ યે હજુરિયા - ખજુરિયા અને મજૂરિયા વચ્ચેનું રાજકારણનું ભૂત ધૂણ્યા કરે છે. અને એ બધાની વચ્ચે બિચારા વિધાનસભાના અધ્યક્ષને 'પઢો રે પોપટ રાજા રામના' જેમ ઉછીનાં અપાયેલા આદેશોના સંવાદો ગૃહમાં બોલવાના હોય છે કે પામવાના હોય છે. સૌથી દયનીય સ્થિતિ જો કોઇની યે હોય તો તે ગૃહના અધ્યક્ષની છે. એની દશા પિંજરમાં પૂરાયેલા પોપટની જેવી છે. નથી એનો સ્વતંત્ર અવાજ નથી એનું સ્વતંત્ર જીવન કે નથી એનું આગવું સ્વાતંત્ર્ય? સિંહને ગૃહના પિંજરમાં પૂરી કાયમ હણકો સાંભળ્યા કરવી એ કરતાં એને જંગલમાં છોડી દેવો સારું! કંઇક એવું બને છે. હા, રાજકારણ નર્યું તકવાદી છે. સ્વાર્થ-સ્વાર્થ અને માત્ર નીજી સ્વાર્થ. સ્વાર્થ માટે ગાંધી મંદિરને મહાત્મા મંદિર તરીકે પણ ફેરવી શકાય? પક્ષ અને પૈસા માટે ગરીબોની જીવનમૂડી એની ખરાબાની કે ગોચરની જમીનનો કરોડપતિઓ - માત્ર પાંચ-છ ને પધરાવી દેવાય! વાહ વાહ માટે કરોડો રૂપિયાનાં સાંબેલા વગાડાય, ઢમ ઢોલ માંહી પોલ, પીટાય. અણગમતાને હડસેલો દેવાય સનદી અધિકારીઓને પાળેલા પોપટ બનાવી પિંજરે પૂરાય. હા માં હા - ન પૂરાવનારને દર બદલી નંખાય. આમ જ રાજવહિવટ થાય દોસ્તો! જખમારે છે બાજપાઇજીની સલા 'રાજધર્મ પાળો!'

સેંકડો બાળકો ગુમ થાય છે. રોજિંદી ચીજ-વસ્તુના ભાવ વધે છે. સ્ત્રીઓ પર બળાત્કાર થાય છે. ધોળે દહાડે વરિષ્ઠોનું ગળું ઘૂંટાય છે. અછોડા તૂટે છે. એ અછોડા નથી મંગળસૂત્ર તૂટે છે. બહેન! કાળી રાત્રે ભાઇને યાદ કરજો' ના વાયતા તૂટે છે', 'કાગળ લખજો', 'તમે એક દિવસ જાગજો હું પાંચ વર્ષ જાગીશ' ના સંભારણાનાં સપનાં સળવળે છે. રોમ આખું ભડકે બળે છે અને નીરો ફીડલ વગાડે છે? નગરની શેરીઓ સૂરજની સાક્ષીએ લૂંટાય છે. દૂધ મંડળીઓ - સહકારી સંસ્થાઓ - સેવા સંસ્થાઓ? શિક્ષણની બની બેઠેલી હાટડીઓ - વિશ્વ વિદ્યાલયો - સહકારી બેંકો - ગ્રામપંચાયતો - નગરપાલિકાઓ કે મહાનગર પાલિકાઓ બધે જ ભગવો ઉડવો જાઇએ, નાં સ્વપ્નાં સેવાય છે. યેનકેન પ્રમાણે ભય-લાલચ અને ભ્રષ્ટાચારથી તખ્તા ગોઠવાય છે. ત્યાં પેલો દલિત આદિવાસી - શોષિત - ગરીબ જણ સુરક્ષા વચ્ચે ઘેરાયેલા એક આદમી તરફ દયાની નજરે જોઇ રહે છે. રસ્તાની પડખે ઉભા રહીને ત્યાં સાયરન વાગે છે ને આંખનાં પલકારામાં લોકસેવક સેવા કરવા ઝડપથી પસાર થઇ જાય છે. પેલો આમ આદમી મોં વકાસી ઊભો રહે છે. જય જય સ્વર્ણિમ ગુજરાત!!

ચાની ચૂસ્કી સાથે મન શાંત પડે છે એ માંહેલો કહે છે ભાઇ! આમ જ હોય, આવું તો પૂરાપૂર્વથી ચાલ્યું આવે છે. કૌરવોએ સગા ભાઇઓ એવા પાંડવોને એક તસુ જમીન પણ કયાં આપી હતી રહેવા? યાદવોએ કૃષ્ણનું કહ્યું કયાં માન્યું'તુ ત્યારેય, મર્યાદા પુરૂષોત્તમ રામને ય એક ધોબી નહોતો નડ્યો? ને રાવણે સીતાનું અપહરણ નહોતું કર્યું? મહાભારતનું યુધ્ધ તો ચાલ્યા જ કરે છે ને માનવીમાં રહેલી ઇર્ષા - અહમ - લાલચ અને કોઇકનું કંઇક પડાવી લેવાની ભાવના ધર્મને નામે, રાજકારણને નામે સતત સતત ચાલ્યા કરે છે. વિરીધોઓ બહારના નથી હોતા દોસ્તો! તમારી સૌથી નજીકનો મિત્ર એ જ તમારો સૌથી મોટો દુશ્મન બની જાણે છે એવું બધે જ બને છે એમ ગુજરાતમાં પણ...

સ્ટેડિયમ ખાતે એક જ ક્ષણની મળેલી સભામાં એક જ પક્ષના હોવા છતાં આત્મારામ કાકાનું ધોતિયું નહોતું ખેંચાયું? યાદ છે? આ એવું રાજકારણ છે! આ આગવા ગુજરાતનું આગવું રાજકારણ છે! હવે ચૂંટણી આવી રહી છે. આવી ચિર હરણ સભાઓ ગોઠવાતી રહેવાની. વસ્ત્રો ખેંચાતા રહેવાનાં અને યુધિષ્ઠિરો મૌન બેસી રહેવાના. 'નરો વા કુંજરો વા' ...ત્યારે ભારત દેશની દશા કે અવદશા તો જુઓ 'ભારત મા હું જાણું તારો પાલવ સળગે ચારો કોર!' ત્યાં 'મેં બંગાળી... તું ગુજરાતી' કૌન કરે ભારત કી બાત? અગાઉ નહોતું લખ્યું મેં એની એજ વાત અને એની એજ ચિંતા!! સુબાઓ સ્વતંત્ર થતા જાય છે! ત્યારેજ/ ત્યારે... કોણ ગાશે દોસ્તો! 'વતન કી આબરૂ ખતરે મેં હૈ! એટલા જ માટે કે 'ખબર રખના કોઇ કદ્દાર સાજિસ કર હનીં પાયે, નજર રખના કોઇ જાલિમ તિજોરી ભર નહીં પાયે.'

ચારે બાજુ નજર નાખતાં દેખાય છે વરવાં દૃશ્યો! અમીરો અમીર બનતાં જાય છે ગરીબો વધુને વધુ ગરીબ! કેવો વિકાસ? કોનો વિકાસ? ઉત્સવો - ઉજવણીઓ - મળતિયાઓને માન - મરતબો - ઉદ્યોગપતિઓને થતી ખેતાત - ઝૂંટવાતી ગામડાંની અસ્મિતા - ભ્રષ્ટાચાર - ભૂખમરો - ચોરી - લૂંટફાટ - બળાત્કાર - અપહરણો - કેવું કેવું છે ગુજરાત?

ગુજરાતની થોડી ઘણી પણ ચિંતા હોય તો જરાક શાંત ચિત્તે ચિંતન કરો દોસ્ત.

શું છ કરોડની ગુજરાતી પ્રજાને શિયાળો - ઉનાળો કે ચોમાસું પુરતાં વસ્ત્રો મળી રહે છે ખરાં? ... જો હા, તો શા માટે સેવા ભાવિ સંસ્થાઓને ધાબળા - સ્વેટર - સ્લિપર - કપડાં વહેંચવા સેવાકાર્યો કરવાં પડે છે? શું ગુજરાતની સમગ્ર પ્રજાને રહેવા માટે અનુકૂળ સગવડયુક્ત મકાન છે ખરાં? જયાં આરોગ્ય વિષયક સગવડો જેવી કે પુરતો પાણીની સગવડ - શૌચાલય ગટર. વ. ની સગવડ હોય?

રોટી - કપડાં અને મકાનની પ્રાથમિક સુવિધા પુરી ન પાડતાં સિમેન્ટ - ક્રોંકેટના મકાનો - રસ્તાઓ ઉત્સવોના ઢોલ નગારાં શાં ખપનાં? રોટલો ખાઇ શકાય છે દોસ્તો રસ્તો નહીં! ગાંધીને તો કુટિર ખપતી હતી, મહાત્મા મંદિર નહીં!! માટે જ કવિ આક્રોશ કરે છે. કવિ અને કવિનો શબ્દ કયારેય મરતો નથી ઉમાશંકર જોશી કહે છે તેમ 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે. ખંડેરની ભસ્મકરણી ન લાદશે!'

આપણે ત્યાં સુધી રાહ જોયા કરીશું?

આવજો!

- ભાનુપ્રસાદ પુરાણી

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૦મી એપ્રિલ જ્ઞાનકોષ મંડળનાં સ્થાપક ડો. શ્રીધર વ્યંકટેશ કેતકરની આજે પુણ્યતિથિ**

આધુનિક મરાઠી સારસ્વતોના વ્યાસ, કોષકાર ડો. શ્રીધર વ્યંકટેશ કેતકરની આજે પુણ્યતિથિ.

જ્ઞાનકોષ મંડળનાં સ્થાપક, સાત નવલકથાઓના લેખક, અનેક શાસ્ત્રોના અભ્યાસુ આ મહાન સારસ્વતનું અવસાન ૧૦-૪-૧૯૩૭ માં થયું.



- ઓસ્ટ્રેલિયા ખંડનાં શોધક ડો. જેઇમ્સ કુક પ્લીમ્પ બંદરે પહોચ્યા. પોતાની સાહસ સફર પુરી કરી.
- ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામના છેલ્લા લડવૈયા તાત્યાટોપેનું અવસાન તા. ૧૦-૪-૧૮૫૮.
- મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી તા.૧૦-૪-૧૮૭૫.
- છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ તા. ૧૦-૪-૧૬૨૭.